ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# મણીનગર-વડોદરા બેઠકમાં પીએમ ચોઈસ બાકીની આઠ બેઠકો માટે પેનલો બનશે

## અમિત શાહ લોકસભાની ચૂંટણી લડે તો નારણપુરા બેઠક ખાલી પડે

ગુજરાતમાં મોદીનું શાસન નથી પણ મોદીનો જાદુ હજી યથાવત રહ્યો છે. જૂનાગઢ મહાનગરની ચૂંટણીના પરિણામોથી એ સાફ થઈ ગયું છે કે આખા રાજયમાં મોદી અને ભાજપના મૂળ એટલા ઉંડા ઉતરી ચૂક્યાં છે કે કોંગ્રેસ તેને ખોદી શકે તેમ નથી. ગુજરાતમાં ડીસા, લીમખેડા, માતર, માંગરોળ, જામ ખંભાળિયા, તલાજા, ટંકારા, મણીનગર અને આણંદ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે કારણ કે ભાજપના આ નવ ધારાસભ્યો હવે સંસદસભ્યો બની ચૂક્યાં છે. આ પેટા ચૂંટણીઓના ભૌગોલિક નકશામાં જોઈએ તો દક્ષિણ ગુજરાતને બાદ કરતાં રાજયના તમામ -દેશો આવી જાય છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે મણીનગર અને વડોદરા બેઠકમાં

મણીનગર માટે કમલેશ પટેલ મજબૂત દાવેદાર બન્યા છે, કારણ કે છેલ્લી ત્રણ ટર્મથી તેઓએ મોદી માટે મણીનગરની બેઠક ખાલી કરી આપી છે, જયારે વડોદરા લોકસભા બેઠક માટે ભાજપમાં ત્રણ-ચાર નામ ચાલે છે તેમાં પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહનું નામ સુપ્રિમ છે. જો તેમને ઉમેદવાર બનાવવામાં આવે તો તેમની અમદાવાદની નારણપુરા વિધાનસભા બેઠક ખાલી પડે તેમ છે. પાર્ટીમાં ચર્ચા છે કે અમિત શાહના વિકલ્પે વડોદરા લોકસભામાં રાજવી પરિવારના સમરજીતસિંહ ગાયકવાડનું નામ ઉભર્યુ છે. સામે છેડે બાલુભાઈ શુક્લને તેમની બેઠક પાછી મળી શકે છે અથવા તો રાષ્ટ્રીય કક્ષાના કોઈ નેતા વડોદરાના ઉમેદવાર

### ગુજરાતમાં ભાજપના શાસનમાં ચીફ સેક્રેટરીને ફરીથી નોકરી મળે છે

### ગાંધીનગરના મુખ્ય માર્ગો ઉપર નગર કરશો તો અચરજ જોવા મળશે

**ટાઈમ લાઈન**
**- ગૌતમ પુરોહિત**



પીએમ ચોઈસના ઉમેદવાર હશે, જયારે આઠ બેઠકોમાં પેનલો બની શકે છે.

ભારતના પીએમ બન્યા પૂર્વે મોદીએ વિધાનસભાની મણીનગર અને લોકસભાની વડોદરા બેઠક ખાલી કરી હતી. તેમણે વારાણસીની બેઠક જાળવી રાખી છે. મણીનગરમાં અને વડોદરામાં મોદી કહે તેને ટિકીટ મળશે, આમ છતાં તરીકે આવશે...

**ઓક્ટોબર પછી ડો. વરેશસિંહાનું શું થશે...**

ગુજરાતના ચીફ સેક્રેટરી જયારે નિવૃત્ત થાય છે ત્યારે ભાજપની સરકાર તેમને સરકારી નોકરીમાં કોઈને કોઈ જગ્યાએ સેટ કરી આપે છે. આ સિલસિલો પ્રવિણ લહેરીના સમયથી ચાલ્યો આવે છે. લહેરી

● અનુસંધાન પાન-૭ પર

# શિવમંદિરો હર હર મહાદેવના નાદથી ગુંજ્યા



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા, કશ્યપ નિમાવત)



ગાંધીનગર, તા. ૨૭

પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થતાં શિવ મંદિરો હર હર ભોલે, ૐ નમો શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

શ્રાવણ મહિનાનો આજથી પ્રારંભ થવા પામ્યો છે. શ્રાવણ માસ દરમ્યાન વિવિધ પવિત્ર તહેવારો આવે છે. ખાસ કરીને શ્રાવણ માસમાં શિવની આરાધના કરવામાં આવે છે. આજથી એક મહિનો શિવ ભક્તો ઉપવાસ કરીને ભગવાન શિવની પૂજા અર્ચના કરીને સાધના કરતા હોય છે.

ગાંધીનગર સહીત રાજયના તમામ શહેરોમાં આવેલા શિવ મંદિરોમાં આજથી શરૂ થતાં શ્રાવણ માસના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. ભક્તોએ શિવને બીલીપત્રો અને દૂધના જળાભિષેક કરીને પૂજા-અર્ચના કરી હતી.

શિવમંદિરોહરહર મહાદેવ, ૐ નમોશિવાયના નાદોથી ગુંજી ઉઠ્યા હતા. આ પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથને રીઝવવા શહેરમાં આવેલા શિવમંદિરોમાં આજ સવારથી જ શિવભક્તો ઉમટ્યા હતા. મંદિરોમાં શણગાર કરવામાં આવ્યા હતા.

આજે ચિલોડાના પૌરાણિક નિલકંઠ મહાદેવ ખાતે પણ શ્રાવણ માસ નિમિત્તે ખાસ પૂજા-અર્ચન કરવામાં આવ્યા હતા. એ શ્રદ્ધાળુઓએ સવારથી દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને ભગવાન શિવને દૂધ અને પાણીનો અભિષેક કરી ચંદનલેપ ચઢાવ્યો હતો અને બિલિપત્રો અર્પણ કર્યા હતા.

# ગાજ્યો મેહ ગાંધીનગરમાં વરસ્યો નહી

## ગાંધીનગરમાં વરસાદી માહોલ છવાયો પરંતુ માત્ર ૪ મી.મી. જેટલો નજીવો વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૭

ગઈકાલે ઉઘાડ નીકળ્યા બાદ રાત્રે પુનઃ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળોના ગડગડાટ અને વીજળીના ચમકારા જોતા એવુ લાગતુ હતું કે હમણાં ધોધમાર વરસાદ વરસી પડશે. પરંતુ ગાજ્ય મેહ વરસે નહી તે કહેવત ગાંધીનગર માટે સાચી પડી હતી. વાદળોના ભારે ગડગડાટ બાદ શહેરમાં માત્ર ૪ મી.મી. જેટલો નહીવત વરસાદ પડ્યો હતો.

જુલાઈ માસના મધ્યે શરૂ થયેલો વરસાદ શુકનીયાળ સાબિત થયો છે. ઉગાડ વચ્ચે વરસી જતો વરસાદ ખેતી માટે લાભકારી બની રહ્યો છે. એકાદ મહિનાથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો હવે ખુશખુસાલ મને વાવણીમાં જોતરાયા છે તો વસાહતીઓ વરસાદના કારણે ઠંડક છવાતા સૌ આનંદિત બન્યા છે.

ગયા અઠવાડીયે સારો વરસાદ પડ્યા બાદ છેલ્લા બે દિવસથી ઉઘાડ નીકળ્યો છે. ગઈકાલે પણ વાદળોની આવનજાવન વચ્ચે ઉઘાડ નીકળ્યો હતો. જો કે રાત્રે આકાશમાં વાદળોની ખુબ જ જમાવટ થઈ હતી. અને વીજળીના ચમકારા વચ્ચે શહેરમાં ધીમો વરસાદ શરૂ થયો હતો. જો કે વરસાદી માહોલ વધુ ટક્યો ન હતો. શહેરમાં માત્ર ૪ મી.મી. જ વરસાદ નોંધાયો હતો. ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સારો એવો વરસાદ પડ્યો હતો.

આ ઉપરાંત પૂર્વ, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર ઘટતા ઓછો વરસાદ નોંધાયો છે. એકથી અઢી ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. આણંદ જિલ્લાના કેટલાક ભાગોમાં એક ઈંચની આસપાસ

● અનુસંધાન પાન-૭ પર

## ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં વરસાદના ઉજળા સંજોગો

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સહિત સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા. ૨૯-૩૦ જુલાઈ પછી વરસાદના ઉજળા સંજોગો હોવાનું જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે.

ગ્રહ ભૂ-ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતાં આગામી થોડાક જ દિવસોમાં ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદી વહન આવી શકે. તા. ૨૯ જુલાઈથી તા. ૩ જી ઓગષ્ટ સુધીમાં વરસાદના સંજોગો બને. ઓગષ્ટ, તા. ૨ થી આહવા, ડાંગ, મહારાષ્ટ્ર, ગુજરાતનો સાપુતારા વિસ્તાર, નવસારી, બારડોલી, સુરતમાં વરસાદના યોગ અને ઓગષ્ટ તા. ૮ સુધીમાં ઉત્તર-મધ્ય ગુજરાત કચ્છ સહિતના ઘણા ભાગોમાં ભારે વરસાદની વકી રહે. જો ઓગષ્ટ તા. ૩-૪ માં ભારે ફોરાનો વરસાદ પડે અને વીજળી થાય તો કચ્છ-સૌરાષ્ટ્ર રાજસ્થાનના ભાગો પણ વરસાદથી તરબોળ બને. ઓગષ્ટ તા. ૩૦ સુધીમાં વરસાદના સંજોગ જણાય. ઓગષ્ટમાં નર્મદાના સ્રાવ વિસ્તારમાં ભારે વરસાદ પડતા નર્મદા નદીમાં જળસ્તરમાં ભારે વધારો થતાં બે કાંઠે વહેતી જોવા મળે જ્યારે સાબરમતી નદીમાં પણ પાણીનો આવરો આવે.

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીમાં પંકજ શુકલની જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર પદે બિન હરીફ વરણી

ગાંધીનગર, તા. ૨૭



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર તરીકે શ્રી પંકજકુમાર બી. શુકલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. શ્રી શુકલ બ્રહ્મસમાજના અગ્રણી છે. તેમજ નગરની વિવિધ સહકારી મંડળીઓમાં સેવાઓ આપી ચૂક્યા છે. તેમની વરણીથી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



હિંડોળા મહોત્સવ - ગાંધીનગરના મંદિરોમાં આજકાલ હિંડોળા મહોત્સવ ઉજવાય છે... પંચદેવ મંદિર, સ્વામિનારાયણ મંદિર અને શ્રીજીની હવેલીમાં દરરોજ વૈવિધ્યપૂર્ણ હિંડોળાનું આયોજન થાય છે... ગ્રામ દેવતા પંચદેવ મંદિરે આસોપલાવના પાનથી સજાવાયેલા હિંડોળા યોજાયા હતા. તો સ્વામિનારાયણ મંદિર ખાતે સ્ટેશનરીના હિંડોળાનું આયોજન કરાયું હતું. જ્યારે શ્રીજીની હવેલીમાં કઠોળના હિંડોળા યોજાયા હતા. ભાવિકો રોજબરોજ પોતાની ભાવના વ્યક્ત કરવા જુદા જુદા હિંડોળાના મનોરથ રાખે છે... રોજ સાંજે મંદિરોમાં હિંડોળાના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટે છે અને ભાવપૂર્વક પોતાના આરાધ્યને ભજે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં છેતરપિંડીનો વધુ એક રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો

## સે.૧૩માં મહિલાએ મકાન રૂ. ૮.૮૧ લાખમાં ખરીદ્યુ અને સમય જતા જુના મકાન માલિકના પુત્ર અને પૌત્ર રહેવા આવી ગયા ને કહ્યું કે અમારી જાણ બહાર મકાન વેચાયું છે એટલે હજુ અમારું જ કહેવાય

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર શહેરમાં એક રસ-દ છેતરપીડીનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. દાદાએ વેચી દીધેલા મકાનમાં પુત્ર અને પૌત્ર રહેવા માટે ઘુસી ગયા અને કહે છે કે આ મકાન તો દાદાએ અમારી જાણ બહાર વેચી દીધું છે. એટલે મકાન અમારી માલિકીનું જ કહેવાય. ભલે તમે મકાન ખરીદી લીધું હોય..!! હકીકતે આ સે-૧૩ પુષ્પક એપાર્ટમેન્ટનું મકાન સે-૨૭ માં રહેતી મહિલાએ રૂ.૮.૮૧ લાખમાં ખરીદેલું છે. આ છેતરપિંડી અંગે સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

સેક્ટર-૨૭ બ્લોક નં.૩૨૮ ખાતે રહેતા -વિણાબેન અતુલકુમાર દરજીએ તારાચંદ જીવણરામ જોશી પાસેથી તેમનું સે-૧૩ પુષ્પક એપાર્ટમેન્ટ ખાતે સ્થિત ૯૧ નંબરનું મકાન રૂ.૮.૮૧ લાખમાં ખરીદ્યું હતું. મકાન ખરીદ્યા બાદ પણ તેઓ સે-૨૭ માં જુના ઘરે જ રહેતા હતા. ૨૮ ફેબ્રુઆરી થી ૨૪ માર્ચ ૨૦૧૪ દરમિયાનમાં આ બંધ મકાનમાં જેમને મકાન વેચ્યું તેમના દીકરા ઓમ-કાશ જોશી અને પૌત્ર મનીષ જોશી ગેરકાયદેસર કબજો લઈને રહેવા આવી ગયા હોવાનું -વિણાબેનના ધ્યાને આવ્યું હતું. જે અંતર્ગત વાત થતા ઓમ-કાશ જોશી અને તેમનો દીકરો મનીષ નવા મકાન માલિકને કહે છે કે આ મકાન તો અમારા દાદાએ અમારી જાણ બહાર વેચી નાંખ્યું છે. અમારી મંજૂરી લીધી નથી. એટલે હજુ આ મકાન અમારું જ કહેવાય..!! આ છેતરપિંડી અંગે -વિણાબેને સીટમાં ફરિયાદ કરી હતી. જે અંતર્ગત સે-૭ પોલીસ મથકમાં ત્રણેય સામે ગુનો દાખલ થયો છે અને પીએસઆઈ બોડાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ચિલોડા પાસે હજારથી વધુ બિલીવૃક્ષો ધરાવતુ બિલીવન

## શિવજીએ બિલીવૃક્ષને પુત્રવત માની પર્યાવરણના જતનનો સંદેશ આપ્યો હતો : શ્રાવણ માસમાં બિલીપત્રોની માંગમાં વધારો થઈ જાય છે



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૨૭

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને શિવ મંદિરોમાં ઘંટારવ સાથે ઓમ નમઃ શિવાયનો મંત્ર ગુંજી રહ્યો છે. શિવજીને શ્રદ્ધાળુઓ બિલીપત્ર ચઢાવે છે અને દૂધ તથા પાણીનો અભિષેક કરે છે. ચિલોડાથી મોટા ઈસનપુર તરફના રોડ પર આવેલ બિલીવન આવેલુ છે. જ્યાંથી મોટી સંખ્યામાં બિલીપત્રો ગાંધીનગર જિલ્લાના શિવાલયોમાં ભગવાન ભોળાનાથને અર્પણ કરવા માટે વપરાય છે. આ વનમાં એક હજારથી પણ વધુ બિલીવૃક્ષો આવેલા છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું ખૂબ ઉંચુ મહત્વ છે અને આ ઉત્સવોમાં વપરાતા અલગ પ્રતિકો અને સામગ્રી પણ વિશિષ્ઠ સ્થાન ધરાવેછે. પવિત્ર શ્રાવણ માસમાં શિવ આરાધના ઉત્તમ ગણાય છે અને શિવજીના પૂજા અભિષેકમાં બિલીપત્રનું ખૂબ અગત્યનું સ્થાન રહેલું છે. પૌરાણિક શાસ્ત્રોમાં બિલીના માહાત્મને દર્શાવતી અનેક કથાઓ મોજુદ છે. જેમાં ઉત્સવપ્રિયા ખલુ મનુષ્યા અને પારધિના હૃદય પરિવર્તનની કથા ખૂબ જ પ્રચલિત છે. જેમાં બિલીપત્રો તોડી તોડીને નિચે નાકતા અજાણતા જ વૃક્ષ નીચે રહેલા શિવલીંગની પૂજા અનાયાસે થઈ હતી.

પૌરાણિક શાસ્ત્રોમાં એવું વણાયેલુ છે કે બિલીના વૃક્ષને શિવજીએ પુત્રવત માન્યું હતું અને આ રીતે તેમણે પર્યાવરણના જતનનો સંદેશ પણ આપ્યો હતો. બિલીના વૃક્ષને પાર્વતીજીએ જળસિંચન કરી ઉછેર્યું હતુ. બિલીના વૃક્ષનું જીવન ઋષિતુલ્ય ગણાય છે, આ વૃક્ષમાં અનેક ઔષધિ ગુણો રહેલા છે. શિવા ભુત્વા શિવમ્ યજેત અર્થાત શિવ થઈને શિવની ઉપાસના કરવી એમાં ધર્મનું માહાત્મ રહેલુ છે. વિષ્ણુપૂજનમાં તુલસી અને શિવપૂજનમાં બિલીનું સરખુ મહત્વ રહેલું છે. પૌરાણિક કાળમાં ઋષિ મુનિઓએ વૃક્ષ-વનસ્પતિના પૂજન દ્વારા ધર્મ સાથે પર્યાવરણના જતનનો પણ સંદેશ આપ્યો છે.

ચિલોડા પાસે આવેલા આ બિલીવનમાં છેક અમદાવાદ અને નડિયાદથી પણ લોકો બિલીપત્ર લેવા આવે છે. એક હજારથી પણ વધુ બિલીવૃક્ષો ધરાવતા આ વનમાં ઉનાળામાં કેટલા વેપારીઓ ઔષધિ અને અન્ય બનાવટોમાં ઉપયોગ કરવા બિલીપત્રો લઈ જાય છે. શ્રાવણ માસમાં અનેક શ્રદ્ધાળુઓ શિવજીના પ્રિય એવા આ બિલીવૃક્ષોના વનની મુલાકાતે આવે છે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આપના અવસરને ઉત્સવ બનાવો...
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com